**અરજદારની ડોમેસ્ટીક વાયોલન્સ એટકની કલમ–૨૩ મુજબ વચગાળાની રાહતો મેળવવા અંગેની આંક–૦૪ ની અરજી લગત હુકમ**

(૧) અરજી, ઘરેલુ હિંસાનો અહેવાલ તેમજ સાથે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લીધા. સામાવાળા તરફે આંક–૦૮ થી અરજદારની મુળ અરજીના વાંધા/જવાબ રજુ કરેલ છે તેને જ વચગાળાની અરજીના જવાબ તરીકે ધ્યાને લેવા સામાવાળાના વકીલશ્રીએ મૌખિક રજુઆત કરેલ છે. અરજદારના વિ.વ.શ્રીએ તેમની અરજી મુજબ રજુઆત કરેલ છે. તથા સામાવાળાના વિ.વ.શ્રી એ આંક–૦૮ ના વાંધા મુજબ રજુઆત કરેલ છે. બન્ને પક્ષના વિ.વ.શ્રીઓને સાંભળ્યા.

(૨) અરજદારે હાલની ઘરેલુ હીંસા ધારાની કલમ–૨૩ મુજબ વચગાળાની રાહતો મેળવવાની અરજી રજુ કરી જણાવેલ છે કે આ કામના સામાવાળાઓએ કોઈપણ કારણ વિના એકાદ વર્ષ પહેલા અરજદાર તથા તેઓના સગીર પુત્ર નામે રેનીલ, ઉ.વ.૧૧નો ત્યાગ કરેલ છે. અરજદાર પ્રાઈવેટ નોકરી કરી માસીક રૂા.૧૫,૦૦૦/– જેટલું કમાય છે પરંતુ આટલી રકમમાં પોતાનું તેમજ પોતાના પુત્રના ભરણપોષણ, દવા, કપડા લત્તા તથા અન્ય સામાજીક ખર્ચને એકલા હાથે પહોંચીવળે તેમ નથી. અરજદારનો સગીર પુત્ર પોદાર ઈન્ટરનેશનલ સ્કુલમાં ધો–૫ માં અભ્યાસ કરે છે જેનો અંદાજે વાર્ષિક ખર્ચ રૂા.૧,૨૫,૦૦૦/– જેટલો થાય છે. આ કામના સામાવાળા ઈલેકટ્રોનીક એન્ડ કમ્યુનીકેશાન એન્જીનીયર છે અને હિંમતનગર પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરી માસીક રૂપીયા પંદર થી વીશ હજાર કમાય છે. સામાવાળા નં.૨ નિવૃત શિક્ષક તરીકે માસીક રૂપિયા ચાલીસ હજારનો પેન્શન મેળવે છે માટે તેમની કોઈ જવાબદારી સામાવાળા નં.૧ ઉપર નથી. સામાવાળાઓએ અરજદારોના ભરણપોષણ પ્રત્યે આજદિન સુધી કોઈ દરકાર લીધેલ નથી. અરજી ચાલતાં સમય જાય તેમ હોય ઉપરોકત વિગતો ધ્યાને લઈ વચગાળાના ભરણપોષણ પેટે રૂા.૨૦,૦૦૦/– ચુકવી આપવાની રજુઆત કરેલ છે.

(૩) સામાવાળા તરફે વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ નાઓ હાલ બેરોજગાર છે કાંઈ કમાતા નથી. અરજદાર નં.૨ સગીર પુત્ર પોદાર સ્કૂલમાં ભરણતો હોવાના તથા તેના શૈક્ષણિક ખર્ચના કોઈ પુરાવા અરજદારે રજુ કરેલ નથી વધુમાં રજુઆત કરેલ છે કે, સરકારશ્રી ધ્વારા પ્રાથમિક શિક્ષણ મફત પુરૂ પાડવામાં આવે છે માટે અભ્યાસ ખર્ચ અંગની અરજદારની રજુઆત ન માનવી જોઈએ. વધુમાં, દલીલ કરેલ છે કે, અરજદારનાઓ પણ

પ્રાઈવેટ નોકરી કરી સારો એવો પગાર મેળવે છે માટે પોતાનો ભરણપોષણ કરવા સક્ષમ હોય તેમજ ઘરેલું હિંસાનો બનાવ બનેલ છે કે કેમ તે પુરાવાનો વિષય હોય હાલના તબકકે વચગાળાની દાદ અરજદારની તરફેણમાં મંજુર કરવાથી સામાવાળાને અન્યાય થાય તેમ હોય વચગાળાની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) અરજદારની આંક–૦૪ ની અરજી, સમાવાળાનો આંક–૦૮ થી રજુ જવાબ, બન્ને પક્ષોની દલીલો, ઘરેલુ હીંસા ધારાની કલમ–૨૩ ની જોગવાઈ તથા રેકર્ડને ધ્યાને લીધુ. સૌ પ્રથમ અરજદારની અરજીના પેરા–૭ માં હિંમતનગર મુકામે ભાડે રહેવા માટે સીટી વિસ્તારમાં રૂા.૫,૦૦૦/– જેટલું અંદાજીત ભાડું હોવાની રજુઆત કરેલ છે પરંતુ અરજીના દાદના પેરામાં ઘરભાડા પેટે કોઈ સ્પેસીફીક રકમ દર્શાવી દાદ માંગેલ નથી. અરજદાર ભાડે રહેવા ગયેલ હોય તેવી કોઈ તેમની રજુઆત નથી માટે હાલના તબકકે ઘરભાડા પેટે કોઈ રકમનો હુકમ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માસીક નીભાવણી ખર્ચ પેટે રૂા.૨૦,૦૦૦/– ની માંગણી કરેલ છે પરંતુ સદર માંગણી મંજુર કરવા ના કરવા માટે આધારભુત કોઈ પ્રથમ દર્શનીય દસ્તાવેજી પુરાવો અરજદાર તરફે રજુ થયેલ ન હોય પુરાવો નોંધ્યા વિના અરજદારે માંગ્યા મુજબની તમામ રાહતો હાલના તબકકે મંજુર કરી શકાય તેમ નથી. અરજદાર તથા સામાવાળા નં.૧ ના લગ્ન થકી સંતાનમાં બાળક નામે રેનીલ, ઉ.વ.૧૧ નો હોવાની હકીકત સબંધે કોઈ તકરાર નથી. અરજદારની રજુઆત મુજબ તેઓનું પુત્ર પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરે છે આ હકીકતનો સામાવાળાએ આંક–૮ ના જવાબમાં કોઈ સ્પેસીફીક ઈન્કાર કરેલ નથી. અરજદારે તેમના સગીર પુત્રના અભ્યાસ ખર્ચને લગતા કોઈ પ્રાથમિક પુરાવા રજુ કરેલ નથી માટે રૂા.૧,૨૫,૦૦૦/– જેટલો વાર્ષિક અભ્યાસ ખર્ચની હકીકત હાલના તબકકે સ્વીકારી શકાય નહી. સાથે સાથે સરકાર ધ્વારા પ્રાથમિક શિક્ષણ મફત પુરૂ પાડવામાં આવે છે માટે વિદ્યાર્થીને માતા–પિતાને અભ્યાસ અંગે કોઈ જ ખર્ચ ના કરવો પડે તેવી રજુઆત પણ માનવા લાયક જણાતી નથી. સગીર પુત્ર રેનીલ હાલ અરજદાર પાસે છે તે હકીકત પણ બિનતકરારી છે. માટે અભ્યાસ ખર્ચ પેટે વચગાળાની નાણાંકીય રાહતની માંગણી વ્યાજબી જણાય છે.

અરજદાર દવારા જે કઈ વચગાળાની રાહતો માંગવામા આવેલ છે તે સંબંધે કોઈ દસ્તાવેજી પુરાવો હાલ સુધી રજુ થયેલ નથી. અરજદાર તથા સામાવાળાના જીવનધોરણના સ્તર સંબંધે પણ હાલ પુરાવાના અભાવે કોઈ ન્યાયીક નિર્ણય કરી શકાય તેમ જણાતુ નથી. પરંતુ અરજદાર

અને સામા નં. ૧ દરમ્યાન પતિ પત્નિ હોવાની હકીકત બીન તકરારી છે તેમજ અરજદાર માસિક રૂા.૧૫,૦૦૦/– જેટલું કમાતા હોવાની તેમજ સામાવાળા નં.૧ માસિક રૂા.૧૫,૦૦૦/– થી રૂા.૨૦,૦૦૦/– કમાતા હોવાની પોતાની અરજી હકીકતે જણાવેલ છે. તેથી હાલના તબકકે અરજદારના સગીર પુત્ર જીવન નિર્વાહ માટે કલમ–૨૦ હેઠળ વચગાળાના ધોરણે રાહત મંજુર કરવી ન્યાયોચીત જણાય છે. વધુમાં બંને પક્ષે સુનાવણી દરમ્યાન કરેલ મૈખિક રજુઆતથી અરજદાર ધ્વારા નામદાર ફેમીલી કોર્ટ, હિંમતનગરમાં પણ ભરણપોષણ મેળવવા માટે અરજી દાખલ કરેલ છે પરંતુ તેમાં હજી હુકમ થયેલ નથી તેવું જણાવેલ છે માટે તે હકીકત લક્ષમાં રાખી તેમજ ઉપરોકત ચર્ચા અનુસાર ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ કરૂ છુ.

**–:: હુ ક મ ::–**

૧. હાલની અરજી અંશતઃ મંજુર કરવામા આવે છે.

૨. અરજદારના સગીર પુત્રના નીભાવ ખર્ચ પેટે કલમ– ૨૦ હેઠળ અરજી તારીખથી રૂ.૪૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા) સામાવાળા નં.૧ નાઓએ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

૩.. વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, નામદાર ફેમીલી કોર્ટ સમક્ષની સી.આર.પી.સી. કલમ–૧૨૫ની કાર્યવાહીમાં વચગાળાના ભરણપોષણની રકમ અરજદારનં.૧ તથા અરજદાર નં. ૨ ને ચુકવવાનો આદેશ થાય તો નામદાર ફેમીલી કોર્ટના હુકમ મુજબની વચગાળાની ભરણપોષણની રકમ હાલના હુકમ મુજબની રકમમાંથી સામાવાળા નં.૧ ને મજરે મળવાપાત્ર થશે.

હુકમ આજરોજ મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : હિંમતનગર
તા.૧૬/૧૦/૨૦૨૫

**(ચંગીઝ મસવર રાઠોડ)**
**ચોથા એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ**
**હિંમતનગર**
**GJ01238**